ગુજરાત માધ્યમિક અને ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-૨૦૦૫ (સુધારેલા) ના વિનિયમ-૩૧ (૮) માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૦૫/**૧૨૩૩/છ,**
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૯/03/૨013

**વંચાણે લીધાઃ-**

(૧) શિ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ મશબ-૨૦૦૫-૧૨૩૩-છ, તા.૨૧-૦૯-૨૦૧૧
(૨) ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૧-૦૯-૨૦૧૨ ના પત્ર ક્રમાંકઃ મઉમશબ-03-૨૩૨૦,
(૩) ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૩૧-૦૭-૨૦૧૨ ની પરીક્ષા સમિતિનો ઠરાવ ક્રમાંકઃ ૧૦૩-૨૦૧૨

**ઠ રા વઃ-**

આમુખ (૨) માં દર્શાવેલ ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડના તા.૦૧-૦૯-૨૦૧૨ ના પત્ર અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-૨૦૦૫ (સુધારેલા) ના વિનિયમ-૩૧(૮) માં સુધારો કરવા બાબતની દરખાસ્ત મળેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-૨૦૦૫ (સુધારેલા)ના વિનિયમ-૩૧(૮) માં આ સાથેના પત્રકમાં કોલમ-૨ માં હાલની જોગવાઇને બદલે કોલમ-૩ મુજબ નવી જોગવાઇને આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( એન. ડી. હળપતિ )**
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

**પ્રતિ,**

- માનનીય મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- **સચિવશ્રી,** ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (સંબંધિતોને પરિપત્ર કરવા વિનંતી સહ.)
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગ-શાખા,/ગ-૧, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર..
- કોમ્પ્યુટર સેલ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર..
- નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ

શિક્ષણ વિભાગ વિભાગના તા.૧૯-૦૩-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: મશબ-૨૦૦૫-૧૨૩૩-છ, સાથેનું જોડાણ:-

| **વિનિયમ ક્રમાંક: (૧)** | **હાલની જોગવાઇ (૨)** | **નવી જોગવાઇ (૩)** |
|---|---|---|
| ૩૧ (૮) | એ-ગ્રુપ- સાથે અભ્યાસ કરતો વિદ્યાર્થી જો બી-ગ્રુપ લેવા ઇચ્છતો હોય તો તે ધોરણ-૧૧ માં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકશે. પરંતુ તેણે બી-ગ્રુપ માટેના જીવવિજ્ઞાન વિષયના થિયરી અને પ્રેક્ટીકલ બંન્ને વિષયોનો અભ્યાસ કરીને તે વિષયમાં યોગ્યતા પ્રાપ્ત કરવાની રહેશે. | એ-ગ્રુપ- સાથે અભ્યાસ કરતો વિદ્યાર્થી જો બી-ગ્રુપ લેવા ઇચ્છતો હોય તો તે ધોરણ-૧૧ માં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકશે. તેમજ બી-ગ્રુપ સાથે અભ્યાસ કરતો વિદ્યાર્થી જો એ-ગ્રુપ લેવા ઇચ્છતો હોય તો તે ધોરણ-૧૧ માં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકશે. |